# જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, પોરબંદર જિલ્લો, પોરબંદર

ગુજરાત પોલીસ અધિનિયમ –૧૯૫૧ની કલમ–૩૭ની પેટા કલમ–૩ હેઠળનું જાહેરનામું

સત્યમેવ જયતે

નં.એમએજી/સી/૩૭૩/૧૫૪–૧/૨૦૨૧ તા. /૦૪/૨૦૨૧

## જાહેરનામું

તાજેતરના ભૂતકાળમાં ગુજરાતમાં વિવિધ સમાજ જુથો ધ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો અને રજુઆતો થતાં રહયા હતા. તે તથા તેના જેવા અન્ય મુદાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો ધ્વારા વિવિધ પ્રકારની માંગણી કે બચાવના આઘાત/પ્રત્યાઘાત રૂપે આવેદનપત્રો આપવા, ધરણાઓ કરવા, વિરોધ પ્રદર્શન–રેલીઓ કાઢવાની પરવાનગી સાથે કે પરવાનગી વગરની ચેષ્ટાઓ થઈ રહી છે. જેના કારણે સમયાંતરે વિવિધ સમાજ જુથો ધ્વારા ધરણા, દેખાવો સહીતના આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને નકારી શકાય નહી. તેના કારણે કોઈપણ સમયે જાહેર સુલેહ શાંતિભંગ થવાની શકયતા નકારી શકાય નહી. સબબ, પોરબંદર જિલ્લામાં અગમચેતીના પગલા રૂપે સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા.૧૦/૦૪/૨૦૨૧ થી દરખાસ્ત થઈ આવેલ છે. જે દરખાસ્તની વિગતે તથા પ્રવર્તમાન સંજોગો નજરે પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭ ની પેટા કલમ–૩ થી મળેલ અધિકારની રૂઈએ હું **રાજેશ એમ.તન્ના, આઈ.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** આથી **સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા.૧૬/૦૪/૨૦૨૧ થી તા.૨૯/૦૪/૨૦૨૧ સુધી બન્ને દિવસો સહિતની** મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી
૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત
૩. લગ્નનો વરઘોડો
૪. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો
૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી.કલમ–૧૮૮ તળે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહુ અધિનિયમની કલમ–૧૩૫ની પેટા કલમ–૩ મુજબ રૂા.૨૦૦/– સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ, અથવા રૂા.૨૦૦/– સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂ.૧૦૦૦/– એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. /૦૪/૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી પોરબંદર

(રાજેશ એમ.તન્ના)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

<u>નકલ રવાના :–</u>

૧. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર

આપના તાબાના તમામ પો.સ્ટે.માં મોકલી આપવા તથા બહોળી પ્રસિધ્ધિ કરવા તથા પ્રસિધ્ધિનો દાખલો રાખવા વિનંતી છે.

E:\HOME\HOMI\Jaher - Namu\37--3.DOC

૨.  જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર  —જાણ તથા પ્રસિધ્ધિ માટે

૩.  સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પોરબંદર/કુતિયાણા  —જાણ તથા પ્રસિધ્ધિ માટે

૪.  નાયબ પોલીસ અધિક્ષકશ્રી,પોરબંદર ગ્રામ્ય/શહેર  —જાણ તથા પ્રસિધ્ધિ માટે

૫.  એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અને મામલતદારશ્રી,
પોરબંદર(ગ્રામ્ય/શહેર)/રાણાવાવ/કુતિયાણા  —જાણ તથા પ્રસિધ્ધિ માટે

૬.  સહાયક માહિતિ નિયામકશ્રી, માહિતિ વિભાગ, પોરબંદર
સમાચારપત્રમાં વિનામૂલ્યે પ્રસિધ્ધિ સમયસર આપવા સારૂ.

૭.  મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
જાહેરનામાને ગુ.રા.પત્રમાં પ્રસિધ્ધિ કરવા સારુ અને તેની નકલો આ કચેરીના રેકર્ડ માટે મોકલવા સારું

૮.  આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર